



## ગિયોડ મીની અંબાજી મંદિરે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે-૮ પર આવેલુ સુપ્રસિદ્ધ યાત્રાધામ ગિયોડ મીની-શક્તિપીઠ અંબાજી મંદિરે દર પૂનમે ભક્તોનો માનવમહેરામણ ઉમટતાં ધાર્મિક માહોલ સર્જાયો હતો. ભાદરવી પૂનમનો અનેરો મહિમા હોવાથી પાવન પર્વે આજે લાખોની સંખ્યામાં દૂર દૂરથી માઈભક્તો માનતા બાધા મનોકામના પૂર્ણ કરવા શ્રદ્ધાપૂર્વક માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા શ્રદ્ધાળુ પદયાત્રીઓ પૂનમના દિવસે વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. ચિલોડા-હિંમતનગર માર્ગ ખાનગી વાહનો દ્વારા માઈભક્તો, દર્શનાર્થીઓએ શ્રીફળ, અબીલ ગુલાલ, પ્રસાદ ચૂંદડી ધજા વગેરે લઈને માના સરણોમાં પધરાવી બાધા પૂર્ણ કરી હતી. આ પર્વ નિમિત્તે ભારે માનવ ભીડને લીધે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેતા રાહત રહી હતી. મંદિરને શણગારી લોખંડની રેલીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે સાંજે આરતીનો લાભ મોટી સંખ્યામાં લઈ ધન્યતા અનુભવી હતી. માઈભક્તો સરળતાથી દર્શનનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા મંદિરના ટ્રસ્ટીઓને દ્વારા કરવામાં આવી હતી. જ્યારે ચંદ્રાલા અને છાલા શાળાના વિદ્યાર્થીઓ સ્વયમસેવકોએ સારી કામગીરી બજાવી હતી.

# સુપ્રસિદ્ધ સાંપડ મહાકાલી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર

## ભાદરવી પૂનમ ભરવા શ્રદ્ધાળુઓ દૂરદૂરથી દર્શન કરવા ઉમટી પડ્યા : પગપાળા આવી માના દર્શન કરી ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનું અને પ્રાંતિજથી આઠ કિલોમીટર અંતરે આવેલ સુપ્રસિદ્ધ પવિત્ર મહાકાલી માતાના મંદિરમાં માના દર્શન કરવા માઈ ભક્તો દૂરદૂરથી પગપાળા સહિત આવતાં મંદિર સંકુલ વિસ્તારમાં કિડીયાળાની જેમ ભક્તોની ભીડ જોવા મળી હતી.

સાંપડ ખાતે ભાદરવી પૂનમના દિવસે માના દર્શન કરવા માઈ ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું અને માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે આડા દિવસે પણ મંદિરમાં માના દર્શન કરવા ભક્તોની ભીડ રહે છે. જ્યારે પૂનમ હોવાથી મંદિરમાં ભક્તોનો મોટો ધસારો જોવા મળ્યો હતો. અને મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ભક્તોને દર્શન ઝડપથી અને સહેલાઈથી થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે મંદિર સંકુલમાં હવન કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં માઈભક્તોએ માના દર્શન કરી હવનનો લાભ લીધો હતો. જ્યારે પ્રસાદની પણ વ્યવસ્થા હોવાથી દૂરદૂરથી આવેલ ભક્તોએ પ્રસાદ સ્વરૂપે ભોજન લીધુ હતુ. જ્યારે મંદિરની બહાર મેળો પણ જામ્યો હતો. જેમાં ભક્તોએ મેળાની મજા પણ લીધી હતી. જ્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રાંતિજ પી.આઈ. પટેલ દ્વારા ચુસ્તબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# હવે માધ્યમિક શિક્ષણ બોર્ડને ગેરરીતી રોકવા બદલ એવોર્ડ

## દિલ્હીની સંસ્થા દ્વારા નોંધ લઈ એવોર્ડ અપાતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા પણ અભિનંદન આપવામાં આવ્યા

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને દિલ્હીની સ્કોચ સંસ્થા તરફથી એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત સેકેન્ડરી ગુણોત્સવની શ્રેષ્ઠ કામગીરી બદલ પણ એવોર્ડ મળ્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં વર્ગખંડોમાં સીસીટીવી કેમેરા દ્વારા ગેરરીતિ રોકવા બદલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રશંસા થઈ છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના અંતે લેવાતી જાહેર પરીક્ષાઓમાં ગેરરીતી અટકાવવા ઈલેક્ટ્રોનીકસ સર્વેલન્સ ઈન એકઝામીનેશન સીસ્ટમ અંતર્ગત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના અંતે લેવાતી જાહેર પરીક્ષાઓમાં ગેરરીતી અટકાવવા વર્ગખંડોમાં સી.સી.ટી.વી કેમેરા-ટેબ્લેટ વગેરેની ગોઠવણી કરી ગેરરિતી અટકાવવા રાજ્ય સરકારે સમગ્ર દેશમાં પ્રથમ કહી શકાય તેવા કરેલા પ્રયાસો બદલ નવી દિલ્હી સ્થિત સ્કોચ સંસ્થા તરફથી રાજય સરકારના આ પ્રોજેક્ટને સ્કોચ એવોર્ડ પ્રાપ્ત થવા માટે અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર દેશમાં પરીઓમાં ગેરરિતી અટકાવવા આવો પ્રોજેકટ કોઈ રાજય નથી. ભારત સરકાર દ્વારા ચેરીટેબલ સંસ્થા તરીકે જેને માન્યતા મળેલ છે. તેવી સ્કોચ સંસ્થા દ્વારા સેકન્ડરી ગુણોત્સવ અંતર્ગત રાજય સરકારે હાથ ધરેલ કામગીરી અને તેના પરિણામો બદલ પણ રાજય સરકારને સ્કોચ એવોર્ડ એનાયત કરાયો હોવાનુ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક શિક્ષણ રાજય મંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ધોરણ ૧૦ અને ૧૨ના અંતો લેવાતી જાહેર પરીક્ષાઓમાં ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરી ગેરરિતી વગર પરીક્ષાઓ યોજાય તે માટે રાજય સરકારે હાથ ધરેલ પગલાઓ અને સળંગ પ્રક્રિયાનો અભ્યાસ કરીને સ્કોચ દ્વારા આ કામગીરીને એવોર્ડ એનાયત કરાયો છે.

રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨નાં બધા જ મળી ૧૮.૮૨ લાખ જેટલા ઉમેદવારોની જાહેર પરીક્ષા ચાલુ વર્ષે ૫૯,૧૫૯ વર્ગખંડોમાં લેવામાં આવેલ. જે પૈકી ૫૫,૦૦૦ જેટલા વર્ગખંડોમાં સી.સી.ટી.વી. કેમેરા-ટેબ્લેટ ગોઠવવામાં આવેલ. આમ ૯૩ ટકા જેટલા વર્ગખંડો ઈલેક્ટ્રોનીક સર્વેલન્સ હેઠળ હતા જેના કારણે પરીક્ષામાં વ્યાપક પ્રમાણમાં થતી ગેરરીતીઓ અટકાવી શકાઈ અને સી.સી.ટી.વી ફુટેજમાં ગેરરિતી કરતા જોવાયેલ ૫,૩૫૪ જેટલા ઉમેદવારો અને ૩૫૦ વર્ગખંડ નિરીક્ષકો વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવાનું શક્ય બનેલ છે. આ કામગીરી ખુબ જ કપરી હતી. કારણ કે રાજયમાં આવેલી સરકારી માધ્યમિક શાળાઓ અને આદિજાતી વિભાગ હેઠળની શાળાઓમાં સરકારી ખર્ચે સી.સી.ટીવી કેમેરા મૂકી શકાય. પરંતુ ૯૦ ટકા જેટલી શાળાઓ કે જે અનુદાનિત ખાનગી શાળાઓ અથવા તો સ્વનિર્ભર હતી.



હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિરના સ્વાધ્યાય હોલમાં સોમવારે સવારે પર્યુષણ પૂર્ણ થતાં ૧૦ ઉપવાસ કરનાર ૧૦ અને ૧૬ ઉપવાસ કરનાર ૧ અને ૩૨ ઉપવાસ કરનાર ૧ ઉપવાસીઓનો મળી ૧૨ તપસ્વીઓને શહેરના જતીન દોશી પરિવાર તરફથી પારણા કરાવ્યા હતા.

# આન્સર કીમાં છબરડાની સામે આવતા ગ્રેસીંગની ઉગ્ર માંગણી

અમદાવાદ, તા.૨૮

તાજેતરમા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળામાં આચાર્ય બનવા માટેની કસોટી એચ ટા યોજવામાં હતી. જેની આન્સર કી જાહેર કરવામાં આવી છે. જો આ આન્સર કીમાં પ્રશ્ન અને જવાબ વચ્ચે સમાનતા નહીં મળતા પ્રશ્નપત્રમાં ગંભીર છબરડાઓની ભરમાર હોવાનું જાણવા મળ્યું હતું. જેનાં પગલે પરીક્ષા આપનાર ઉમેદવારોને ગ્રેસિંગ માકર્સ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ તારીખ ૨૦મી સપ્ટેમ્બરનાં રોજ લેવાયેલી એચ-ટાટની પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી ૩૮ હજાર જેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતો. શિક્ષણ બોર્ડ દ્વારા પ્રશ્નપત્ર વધુ કઠીન બનાવવાનાં સંભવિત આશયથી પ્રયત્ન કરાયો હતો. જો ઉલ્ટાનું પેપર ગ્રામેટિકઅને પ્રિન્ટિંગની ભુલથી છલોછલ બની ગયું હતું. જેનાથી પરીક્ષાર્થીઓ દ્વિધામાં મુકાયા અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી છતા સ્વસ્થ ચિત સાથે પેપર આપી શક્યા ન હતા. જો કે હવે આ પરીક્ષાની આન્સર કી વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. જેમાં બેજવાબદારીના નમૂના સમાન પેપરમાં ગંભીર છબરડાં સામે આવ્યા છે. પ્રશ્નમાં આપેલા ચારમાંથી એક પણ વિકલ્પનો સાચો જવાબ ન આપેલ હોય, ચારેચાર વિકલ્પો, સાચા અને ખોટા હોવા, વ્યાકરણની ભુલને કારણે અર્થઘટન ફરી જતાં સાચો વિકલ્પ નહીં મળવો તેમજ કન્ટેઈનમાં ધોરણ ૧થી ૧૦ને બદલે ધોરણ ૧૧,૧૨ અને કોલેજ કક્ષાના શબ્દનો ઉપયોગ થયેલો જોવા મળે છે. વળી પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી બાદ જણાવવામાં આવ્યું હતું કે કોઈ પ્રશ્નનો અસંતોષ જણાય તો તે પ્રશ્નના સાચા જવાબની સાબિતી તેમજ પુરતા સંદર્ભ સાથે અરજી કરવામાં આવશે તો જ તેના પ્રશ્નના ગ્રેસિં વિશે વિચારવામાં આવશે.

મતલબ ભુલ પરીક્ષા બોર્ડની અને તે સાબિત કરવાની જવાબદારી ઉમેદવારોની આ અંગે પણ પરીક્ષાર્થીઓમાં ભારે કચવાટ ફેલાયો છે. આ અંગે કેટલાક શિક્ષકોએ મળીને તમામ સંદર્ભ સાહિત્ય તેમજ અસંતોષકારક પ્રશ્નોની વિગત તૈયાર કરી રાજય પરીક્ષા બોર્ડને મોકલી આપી છે.



હિંમતનગરમાં સોમવારે દિગમ્બર જૈન સમાજના પર્યુષણ પૂર્ણ થતાં આચાર્ય શ્રી શાંતિ સાગરજી મહારાજની નીશ્રામાં શહેરના ચંદ્રપ્રભુ દિગંબર જૈન દેરાસરથી ભગવાન મહાવીર સ્વામીની શોભાયાત્રા નીકળી હતી જે શહેરમાં ફરી પરત નિજ મંદિરે પરત ફરી હતી.

# કોંગ્રેસ બેઠકમાં જિલ્લાઓનાં અગ્રણી સાથે વિચાર-વિમર્શ

અમદાવાદ, તા. ૨૮

રાજયમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને મહાનગરપાલિકા, નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ અસરકારક અને પ્રભાવશાળી દેખાવ કરે તે માટે ચૂંટણીલક્ષી આયોજન અને સંગઠનમાં સંપૂર્ણપણે વધુમાં વધુ લોકોને જોડી શકાય, સંગઠન જનમાધ્યમ બને તેવા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈ કોંગ્રેસ પક્ષની ચાર દિવસીય વિચાર બેઠકના પ્રથમ દિવસે સુરેન્દ્રનગર, ખેડા, મોરબી, જામનગર, જુનાગઢ, દેવભુમિ-દ્વારકા, કચ્છ, ગીર-સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ અને મહિસાગર જીલ્લાઓમાંથી ૪૫-૪૫ મિનીટના અંતરે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ, સહપ્રભારી સજ્જનસિંહ વર્માની ઉપસ્થિતિમાં રાજીવ ગાંધી ભવન ખાતે બેઠક મળી હતી.

કોંગ્રેસ પક્ષની ચાર દિવસીય વિચાર-વિમર્શબેઠકના પ્રથમ દિવસે ૧૪ જીલ્લાઓમાંથી જીલ્લાદીઠ ૪૦થી વધુ આગેવાનોને વ્યક્તિગત સંભાળવામાં આવ્યા હતા અને તમામ નેતાઓ સાથે સંવાદ બેઠક યોજાઈ હતી. જેમાં પક્ષને બુથ કક્ષાએ કઈ રીતે મજબુત બનાવી શકાય, આગામી ચૂંટણીઓમાં પક્ષની રણનિતી અને વિવિધ મુદાઓ સાથે ભાજપ સામે આક્રમક રીતે તેવી તમામ બાબતો ખુલ્લા મને ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓના આગેવાનોએ પક્ષના સંગઠનને મજબુત કરવા માટે હકારાત્મક સુચનો કર્યા હતા. પક્ષના વરિષ્ઠ નેતાઓ દ્વારા પક્ષને આગામી ચૂંટણીમાં વિજયી બનવા માટે જરૂરી સંગઠન અને ઉમેદવારોની પસંદગી માટે માર્ગદર્શન પુસ્પાડ્યુ હતું. સમગ્ર દિવસ દરમિયાન જુદાજુદા જિલ્લાઓના આગેવાનો દ્વારા પ્રદેશ કક્ષાએથી હાથ ધરવામાંઆવેલ વિચાર-વિમર્શબેઠકની પદ્ધતિને આવકારી હતી.

# સ્વાઈન ફલુના અમદાવાદમાં કુલ ૨૭ કેસ પોઝિટીવ આવ્યા

અમદાવાદ શહેરમાં પણ સ્વાઈન ફલુનો આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફલુના કારણે વધુ એકનું મોત થયું છે. પાલડી ફતેપુરા વિસ્તારની મહિલાનું સારવાર દરમિયાન સ્ટર્લિંગ હોસ્પિટલમાં મોત થયું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, હાલમાં અમદાવાદ શહેરમાં આવેલી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગુજરાત તથા ગુજરાત બહારના દર્દીઓ દાખલ થયેલા છે. ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫ના ગાળા દરમિયાન અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૨૭ સ્વાઈન ફલુના દર્દી પોઝિટીવ આવ્યા છે. જેમાંથી ૪ લોકોના મોત થઈ ચુક્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પાલડી ફતેપુરા વિસ્તારમાં રહેતી મહિલાને સ્ટર્લિંગ હોસ્પિટલમાં ૧૪મી તારીખે દાખલ કરાઈ હતી. અટકાયતી પગલાના ભાગરૂપે હોસ્પિટલના મેડિકલ તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. એચ-૧ એન-૧ વાયરલ રોગ છે.

### સરકાર દ્વિધામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવાની મથામણમાં વ્યસ્ત બન્યા છે. સરકાર આગામી સપ્તાહે પંચાયતી રાજની ચૂંટણીઓને લઈ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે તેમ મનાઈ રહ્યું છે.

દરમ્યાન આજે કોંગ્રેસ પક્ષે તો પંચાયતી રાજ વ્યવસ્થાની ચૂંટણીઓ ઝડપથી જાહેર કરવાની વાતને લઈ આવેદન-પત્ર આપી ભાજપના બળતામાં ઘી હોમ્યુ છે.

સરકાર દ્વારા અધિકારીઓની ખાલી જગ્યાઓ આ સપ્તાહના અંત સુધીમાં ભરી દેશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત પોલીસ તેમજ ચૂંટણી સ્ટાફ માટે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ જિલ્લાતંત્ર પાસેથી વિગતવાર અહેવાલ ખાનગીમાં માંગવામાં આવ્યાનું જાણવા મળેલ છે. આ સપ્તાહે મળનારી કેબિનેટ બેઠકમાં તે અંગે ચર્ચાઓ થશે તેમ પણ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### કોંગ્રેસની માંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુકાદા આપેલા છે કે ચૂંટણીઓ સમયસર જ યોજવી જોઈએ. રાજ્યના ચૂંટણીપંચ તરીકે લોકશાહીના મુલ્યોની જાળવણી એ આપની જવાબદારી છે. અને તેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીઓ સમયસર યોજાય તે સુનિશ્ચિત કરવી જોઈએ તેવી માંગણી કરી હતી.

આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પંચાયત રાજને માત્ર પક્ષીય ધોરણેથી નબળુ કરવાની રીતસરની સાઝીશ ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માત્ર સરકારની કઠપૂતળીઓ તરીકે જ વર્તે તેના જે પગલા લેવાય રહ્યા છે તેને કારણે સ્થાનિક ધોરણે વિકાસલક્ષી કામોનું સંતુલન ખોરવાયું છે.

### ક્લબમાં એન્ટ્રી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં સફળતા મેળવી છે. આ લોન્ચ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન વાયએસ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. ઈસરોના વૈજ્ઞાનિકો ઉપર આ લોન્ચ બાદ અભિનંદનનો વરસાદ શરૂ થયો હતો. તેમણે કહ્યું હતું કે, અંતરિક્ષ કાર્યક્રમ વર્તમાન વડાપ્રધાન મોદીની ઈચ્છાશક્તિ મુજબ આગળ વધી રહ્યું છે.

સફળ લોન્ચની વાત કરતા ખુશખુશાલ ઈસરોના ચેરમેન કિરણકુમારે કહ્યું હતું કે, પીએસએલવી દ્વારા સફળ ઉડાણ ભરી છે. આ અદ્ભુત કામગીરી બદલ તેઓ ઈસરો સમુદાયને શુભેચ્છા આપે છે. મિશન કંટ્રોલ સેન્ટર ખાતે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. રસપ્રદ બાબત એ છે કે, પ્રથમ વખત ભારતીય રોકેટ દ્વારા અમેરિકાના સેટેલાઈટને પણ લોન્ચ કરવામાં સફળતા મળી છે. આજની તારીખ સુધી ભારતે ફી બદલ ૪૫ વિદેશી સેટેલાઈટો લોન્ચ કર્યા છે. પાંચ વર્ષની અવધિ સાથે એસ્ટ્રોસેટ ઓપ્ટિકલ, અલ્ટ્રા વોલેટ, લો એન્ડ હાઈ એનર્જી એક્સરેની કામગીરી અદા કરશે. વૈજ્ઞાનિક કામગીરીને પણ ઉપયોગી ગણવામાં આવે છે.

### ડેન્ગ્યુના કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દરમ્યાન આજે જિલ્લા કલેક્ટરે રોગચાળાની સ્થિતિની સમીક્ષા માટે બોલાવેલી બેઠકમાં સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના નિદાન માટે એલાયઝા ટેસ્ટ ઝડપથી શરૂ થાય તે જોવા મેડીકલ સુપ્રિ. ડૉ. નાયકને તાકીદ કરી છે. આ ઉપરાંત શહેર અને જિલ્લામાં વાહતજન્ય રોગચાળો તેમજ પાણીજન્ય રોગચાળો અને સ્વાઈનફ્લુના કેસોને લઈ તંત્રના અધિકારીઓને વધુ સતર્કતાથી કામ કરવા માટે કડક તાકીદ કરી ખાનગી હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના દર્દી હોય તો ત્યાં આઈસોલેશન વોર્ડ છે કે કેમ તેની ખરાઈ કરવા પણ જણાવ્યું છે.

### સ્ટે યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રિમ કોર્ટ સમક્ષ જવાબ રજુ કરવાનો આદેશ કર્યો હતો. અને આજે એટલે કે તા. ૨૮.૯.૨૦૧૫ના દિવસે જવાબ રજુ કરવાની મુદત અપાઈ હતી અને સ્ટે લંબાવાયો હતો. પરંતુ આજે પણ સુપ્રિમ કોર્ટ સમક્ષ કોર્ટ સમક્ષ ગુજરાત સરકાર દ્વારા જવાબ રજુ કરી શકાયો નહતો. ગુજરાતમાં પાટીદાર સમાજના આંદોલન તેમજ અન્ય પરિસ્થિતિને ધ્યાને લઈને ગુજરાત સરકાર દ્વારા વધુ બે સપ્તાહનો સમય માંગવામાં આવ્યો હોવાથી સર્વોચ્ચ અદાલતે ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી યોજવા માટેનો સ્ટે લંબાવ્યો છે. અને વધુ સુનાવણી માટેની મુદત તા. ૨૪.૧૧.૨૦૧૫ સુધી લંબાવવામાં આવી છે. આ પ્રક્રિયાથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ચૂંટણીઓ પછી ઠેલાતા હવે મહાનગરપાલિકાઓમાં વહીવટદારનું શાસન નિશ્ચિત બન્યું છે. ગુજરાત રાજયની છ મહાનગરપાલિકાઓની મુદત પુરી થઈ રહી છે. આવા સંજોગોમાં ચૂંટણીઓ યોજાઈ શકે તેમ ન હોવાથી જામનગર, રાજકોટ, વડોદરા, સુરત અને ભાવનગર મહાનગરપાલિકામાં વહીવટદારનું શાસન લાગુ પડી શકે છે. મહાનગરપાલિકામાં ચૂંટાયેલી પાંચમી મુદત પુરી થયા બાદ વહીવટદારની નિમણૂંક દેવામાં આવશે.

### મેસેજ વાઈરલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાઈકોર્ટમાં તા ૨૯ સપ્ટેમ્બરના રોજ સુનાવણી નિયત કરવામાં આવી છે. ત્યારે સોશિયલ મીડીયા પર હાર્દીક પટેલના ફોટા સાથે મેસેજ વાઈરલ થયો છે. જેમાં હાર્દિક પટેલની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે તેવા એંધાણ વર્તાઈ રહયા હોવાનો ઉલ્લેખ કરી પાટીદારો દ્વારા હાઈકાર્ટ બહાર શકિત પ્રદર્શન કરવાનુ આયોજન કરવામાં આવશે તેવો મેસેજ ફરતો થયો છે. વાઈરલ થયેલા મેસેજમાં પાટીદાર આંદોલન મહીલા સમિતિના નામે હાર્દિકના ફોટા સાથે મેસેજ ફરતો થયો હતો. જયારે સોશ્યિલ મીડીયામાં ફરતા થયેલા આ મેસેજના પગલે લોકોમાં એવી પણ ચર્ચા થઈ રહી હોવાનુ મેસેજમાં ઉલ્લેખ કરાયો છે કે હાર્દીકના સમર્થકોએ તેને સાથ આપવા આ પ્રકારનો મેસેજ ફરતો કર્યો છે. જયારે બીજીતરફ હાર્દીકના વિરોધીઓએ તેને ફસાવવા ડર્ટી ટ્રીક વાપરી વિરોધીઓએ કોઈ ચાલ રમી હોય તેવો ઉલ્લેખ પણ વાઈરલ થયેલા મેસેજમાં છે.

### સુકા વૃક્ષો.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તોફાની વરસાદ બાદ નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાથી રાહદારીઓ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરમાં સુકાયેલા વૃક્ષો વધતા વન વિભાગ દ્વારા આવા ભયજનક વૃક્ષો દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં સુકાયેલા વૃક્ષોની સંખ્યા પણ વધી ગઈ છે. વન વિભાગ દ્વારા સુકા વૃક્ષોનો તાગ મેળવવા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે શહેરમાં ૧૬૦૦ જેટલા સુકા વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યુ છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર સ્થિત સુકા વૃક્ષો દુર કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ.આ દરમિયાન ૨૫ જેટલા સુકા વૃક્ષો દુર કરવામાં આવ્યા હતા. સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત હોવાથી વન વિભાગ દ્વારા ટુંક સમયમાં જ જોખમી વૃક્ષો દુર કરવા અભિયાન હાથ ધરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### અવકાશમાં.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યાના ૧૧ વર્ષ બાદ એસ્ટ્રોસેટને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં સફળતા મળી હતી. આજે સવારે ૧૦ વાગ્યે નિર્ધારીત સમયે શ્રીહરિકોટા ખાતે સતીષ ધવન સ્પેશ સેન્ટરથી એસ્ટ્રોસેટને લઈને પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સી-૩૦) રવાના થતાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. પીએસએલવી -સી-૩૦ મારફતે એસ્ટ્રોનેટની સાથે-સાથે અન્ય છ સેટેલાઈટને પણ લોન્ચ કરવામાં આવ્યા હતા. ઉડાણભર્યાના ૨૫ મિનિટના ગાળામાં જ પીએસએલવી- સી-૩૦એ એસ્ટ્રોસેટ અને અન્ય ૪ સેટેલાઈટ જેમાં ૪ યુએસ નેનો સેટેલાઈટનો સમાવેશ થાય છે તેમને યોગ્ય પરીભ્રમણકક્ષામાં ગોઠવી દીધા હતા.

આ સેટેલાઈટમાં ઈન્ડોનેશિયાના માઈક્રો સેટેલાઈટ અને કેનેડાના નેનો સેટેલાઈટનો સમાવેશ થાય છે. પ્રથમ વખત અમેરિકાના ઉપગ્રહને પણ ભારત દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે, જે મોટી સિદ્ધી સમાન છે. એસ્ટ્રોસેટ જમીનથી ૬૪૪.૬૫૧ કિલોમીટરની પરિભ્રમણકક્ષામાં ગોઠવાઈ જતા વૈજ્ઞાનિકોમાં ખુશી જોવા મળી હતી. સેટેલાઈટને લઈને માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, આ મીશન સફળ રહ્યું છે.

સતીષ ધવન સ્પેશ સેન્ટરના ડિરેક્ટર પી કુન્હીકૃષ્ણને માહિતી આપતા કહ્યું હતું કે, આ ખૂબ જ મોટી સફળતા હાથ લાગી છે. એસ્ટ્રોનેટ દ્વારા બ્લેક હોલના મામલામાં તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત સ્ટારબર્થમાં પણ અભ્યાસ કરવામાં આવશે. પાંચ પેલોડ લઈને રવાના થનાર એસ્ટ્રોસેટમાં ઘણી વિશેષતાઓ રહેલી છે. શ્રેષ્ઠ ઈમેજ ઉપલબ્ધ કરાવવા માટે તેમાં નવી ટેકનોલોજી રહેલી છે. પેલોડ દ્વારા આગામી સોમવારના દિવસથી કામગીરી શરૂ કરાશે.

### વર્કશોપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવાનુ પણ આ કોડ હેઠળ ફરજિયાત કરવામાં આવ્યુ છે.દરેક શાળાએ આ યુ ડાઈસ ફોર્મ ભરવાનુ ફરજિયાત હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. શાળાના અચાર્યો તેમજ શિક્ષકોને આ મામલે જરૂરી માહીતી અને માર્ગદર્શન પુરુ પાડવા યુ ડાયસ કોડ અંગે જાગૃતિ કેળવવા તા ૩૦ સપ્ટેમ્બરના રોજ એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૦/એ, જલસેવા ભવન, ગાંધીનગર
પીએબીએક્સ ન. (૦૭૯) ૨૩૨૨૯૧૬૨-૨૩૨૨૫૪૭-૨૩૨૨૦૮૫૯
ઈ-ટેન્ડર નોટીસ નંબર-૧/૨૦૧૫-૧૬
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતેની મુખ્ય કચેરી ખાતે સફાઈ કામ કરવાના અંદાજીત રૂ. ૬.૬૦ લાખના ઈ-ટેન્ડર (આઈ.ડી.નં. ૧૯૦૭૨૩) કાર્યપાલક ઈજનેર મહેકમ-૪, (સ્ટોર) દ્વારા ઓનલાઈન માંગવામાં આવે છે. તા. ૨૮/૯/૨૦૧૫ના રોજથી ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૧૯/૧૦/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી રહેશે. ટેન્ડરની વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. http://www.nprocure.com. / www.gwssb.gujarat.gov.in
માહિતી/૧૬૦૩/૨૦૧૫-૧૬